રટસેલાં હિંદુઓનો

ગરબો

છપાવી પ્રસિદ્ધ કરનાર—

ભાણાભાઈ મકનજી

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—

ખરાડી શેરી-સુરત.

—છાપનાર ઠાકોરદાસ માનસીંગ

છાપવાનુ ઠેકાણુ-"જૈન વિજય પ્રિન્ટીંગ પ્રેસ"

ચૌટાના પુલ ઉપર-સુરત.

કિંમત ૦-૧-૦

વટલેલા હિંદુઓનો ગરબો.

તમને શુ કહુ વાત વીચારી, કરી આગે ખરાબી ભારી.

એ રાગ,

બન્યા ખોજા દેહને વતાલીરે, કરી કણબીએ ખરાબી ભારી.
તમને શું કહું વાત વીચારીરે, કરી કણબીએ ખરાબી ભારી.
હાંરે કંઇ કાયાને ત્યાગ કરી છે,
હાંરે તારી ફજેતી લોક જુએ છે.
હાંરે નીકળવાની નથી બારીરે, કરી કણબીએ.

હાંરે તારા સગાને દુર કર્યાં છે,
હાંરે તુતો હીદુનો ખોજો થયો છે,
હાંરે થયા ધર્મના ત્યાગીરે. ડરી કણબીએ.

હાંરે તેતો પોતાનો ધર્મ તાયો છે.
હાંરે તુંતો દુરાચારી હવે થયો છે,
તારી જણેતાને લાજ લગારીરે. કરી કણબી.

હાંરે તેંતો વચન કૃષ્ણનું તાર્યું છે,
હાંરે તારી બુધ્ધી તે ભસ્મ થઈ છે,
હાંરે લખ્યું વિધાત્રાનું ભારીરે. કરી કણબી.
હાંરે તેં તો ઉંચ ધરમ તાજ્યો છે,
હાંરે તુંતો નીચ ધર્મમાં પેઠો છે,
હાંરે તારી બુધ્ધી થશે ન્યારીરે. કરી કણબી.
હાંરે તેતો કરીમને કૃષ્ણ જાણ્યો છે
હાંરે તેતો રહીમને રામ માન્યો છે,
હાંરે વિધર્મ સુજાણીરે. કરી કણબી.
હાંરે તેંતો વિચાર કંઈ ન કર્યો છે,
હાંરે તારા મનથી કંઈ ન ડર્યો છે;
હાંરે તમે થયા બે ઈમાનીરે, કરી કણબી.
હાંરે તું તો ધરે ધોતી અંગરખી,
હાંરે તું તો બન્યો છે આજે આલમખાં;
હારે તારી અકળ કળા છે ન્યારીરે. કરી કણબી.
હાંરે હીંદુ ધર્મ કહેવાય છે,
હાંરે જાયો બીબીનો મનાય છે;
તે તો કાયા આજ વટાળીરે. કરી કણબી.

હાંરે તુ તો ઉછર્યો જન્મથી ન્યારો,
હાંરે તારી માતાને નથી શીખ્યા વારો;
હાંરે તારિ જનેતાને લાજ લગારિરે. કરી કણુબી.

હાંરે ભાણાબાઇ કે ચિત વીચારી,
હાંરે તમે સાંભળજો નરને નારી;
હાંરે ગરબાની છે બલીહારીરે કરી કણુબી.

ગરબી બીજી.

હાંરે સુરત શહેરના લોકો શહેલાણુી છે જો. એ રાગથી ગવાશે
હાંરે બન્યા ખોજા તે સુરત શહેરમાં જો.
હાંરે કણુબી લોકો પેઠા છે આગાખાની ધર્મમાંજો.
હાંરે બન્યા ખોજા

હારે પેલા લેતા શ્રીકૃષ્ણુ નામ છેજો,
હાંરે હવે મુખેથી બોલે રહેમાન છેજો. હાંરે બન્યા ખોજા.
હાંરે તું તો હીંદુનો ધર્મ તજયોજો,
હાંરે તારૂં ચીત્ત પેઠું રે ખોજામાંજો. હાંરે બન્યા ખોજા

હાંરે વગર ભાનનું તેં ભોજન કર્યુંજો,
હાંરે તારી અકલપર ઊઠી આગછેજો. હાંરે બન્યા ખોજા.
હાંરે હવે બન્યો છે ખોજોજો,
હાંરે આજે નીમાજ મુખેથી બોલતોજો. હાંરે બન્યા ખોજા.
હાંરે તારૂં કુટુંબને દુર કર્યું છેજો,
હાંરે તુંતો બન્યો છે હવે વૈરાગીજો. હાંરે બન્યા ખોજા.
હાંરે તારો ધરમ તે કોને તાર્યોજો,
હાંરે હવે થયા છે બે ઈમાનીજો. હાંરે બન્યા ખોજા
હાંરે તારૂં નામ તે હવે બોડયુંજો,
હાંરે હવે શ્વાનના મોતે તમે મરશોજો. હાંરે બન્યા ખોજા.
હાંરે હીંદુ નામ તે જે કોઈ ધરતોજો,
હાંરે ધીંક ધીઃક તારા અવતારનેજો. હાંરે બન્યા ખોજા.
હાંરે પેહેલા દેવળમાં આરતી કરતાજો,
હાંરે હવે મસીદમાં નિમાજ પડતાંજો. હાંરે બન્યા ખોજા.
હાંરે તમે બ્રાહ્મણુ ને પુછી લગન કરતાજો.
હાંરે હવે ખોજાને પુછી સાદી કરજો. હારે બન્યા ખોજા.
હાંરે તારી જીંદગી તે સફળ થઇ છે જો,
હાંરે હવે બચાવો કૃષ્ણ મોરારી જો. હાંરે બન્યા ખોજા.

હાંરે તમે સુણજો નરને નાર છે જો,
હાંરે ભાણુભાઈએ ગરબા બનાવ્યા આજ છે જો.
હાંરે બન્યા ખોજા.
હાંરે રાજ રહેજો તે સુખકારમાં જો,
હાંરે રાજા શાન્તી પાયો બહુ સારી જો. હાંરે બન્યા ખોજા.
કર્તા ભાણુભાઇ મકન.

સારૂં સારૂરે સુરત શહેર મુંબઈ અલબેલી. એ રાગ.

ચાલો ચાલોરે સુરતના એક સોમવાર જોવાને,
જઇએ મહાદેવજી દરબાર ભવ દુઃખ ખોવાને.
પેહલોરે મેળો અજબ તરેહજો, ભીડ ઘણેરી થાયરે,
ચકડોળવાળા બે ત્રણ આવે, છોકરાંઓ બેસવા જાય. ભવદુઃખ.
તરેહતરેહના છોકરાંરે આવે, મહાદેવને સંતાપેરે. ભવદુઃખ.
સાભુરે વડનું ઝાડ મજેનું, નીચે વાઘડીનો વાસોરે,
સામું બંગલામાં ગંજીફો રમતાં, પોપટ વેચાય છે ખાસ્સોરે. ભવ
અરે આગળ ચાલતાં હોરોરે બેઠો, કરીમ જેનું નામરે,
જુનોરે જુનો સાજરે વેચે, લોકો લેવાને ન્હાય. ભવ દુઃખ

ઘોડારે હાથી કાદવના ઘડીઆ, બેઠો કુભાર વચ્ચેરે,
રંગરે બેરગી બનાવી, લોકો લેવાનું કરેરે. ભવ દુઃખ.
અરે સ્વાર તો દોડા દોડી કરે છે, દાબા જમણી ફરતારે,
લોકોને કહેતા કે દરવાજે જાઓ, ગાડી ઘોડામાં અઠડાઈ
મરસોરે. ભવ દુખ.

મોટો દરવાજો કામરાનો, મહીં મહાદેવનું દહેરૂંરે,
[illegible]ઇ કંઇ આવી થાળ કરે છે, લાડુ જમવાનું કેવુ રે. ભવદુંખ.
આગળ ચાલતાં મહાદેવજી આવ્યા, ભાંગને ગાંજો ગુતાયરે,
સઘળારે બામણ ભાંગ પીએ છે, આંખોમાં લહેર ન માય.
ભવ દુઃખ.

ભાણાભાઇ કહે ચીત્ત વીચારી, અફીણુ વસણુ જઈ કરસોરે,
હમારૂ કહ્યુ નહી માનસો તો, વગર મોતે તમો મરસોરે.
ભવ દુઃખ.